# ગઝલ

## રવીન્દ્ર પારેખ

### .1.

નીષ્ફળ જઈશ હું, એ ભાખી ગઝલ લખી છે,
મનની બધીયે મનમાં રાખી ગઝલ લખી છે.

મનનાં કમાડ ખોલી, ખોલું મને તે પ્હેલાં,
બાહર ઉઘડતી બારી, વાખી ગઝલ લખી છે.

આજે કલમમાં શાહી ખુટી પડી છે તો પણ;
તારું મેં નામ દૈને આખી ગઝલ લખી છે.

તું જો નથી કશે તો શું સ્વાદ રે' જીવનમાં,
તારી મધુ સ્મૃતીને ચાખી ગઝલ લખી છે.

### .2.

થોડુંક દુઃખ મળ્યું કે મતી ત્યાં ફરી ગઈ,
ઈચ્છા થતાં થતાંમાં અમસ્તી મરી ગઈ.

ઉડવાની વાત આભને કરો તો અર્થ છે,
પીંજરમાં ઉડતાં ઘણી પાંખો ખરી ગઈ.

એની તળાવમાં જ હતી ઘાત ના ખબર?
પાણીમાં આજ મારી બધી મશ્કરી ગઈ.

ઘરમાં રહી જો હોત તો એ શક્ય ક્યાં હતું?
આ તો હ્દયમાં તું રહી તો ઘર કરી ગઈ.

થોડું જ જીવવાનું હતું ભાગ્યમાં છતાં;
ચુમી તેં આયુરેખ તો એ વીસ્તરી ગઈ.

ખાલી થયો છું તોય, કહું છું બધાં ને હું;
મારી ખુશી ઘરેથી જતાં ઘર ભરી ગઈ.

દેખાય છે ને તોય કશું પણ જુએ ન એ,
આંખો ઘણીયે વાર ઉંડે ઉતરી ગઈ.

.3.

પવન, જળ, આભ, અગ્ની ને ધરાની લઈને આવ્યો છું,
હું પંચેન્દ્રીયનીયે વાત છાની લઈને આવ્યો છું.

હ્દયના ખાલીપાનો આવશે અંદાજ એનાથી,
ગગન જેવી જ વાતો શુન્યતાની લઈને આવ્યો છું.

તને વૈરાગ્ય શ્વાસોનો જ આવ્યો હોય તો સાંભળ,
અમસ્તી બે'ક વાતો હું હવાની લઈને આવ્યો છું.

મરણ આવ્યું જ છે તો તું મરી તો જો, પછી જોશું;
ઘણી તરકીબ વચ્ચે જાગવાની લઈને આવ્યો છું.

ફુલીને ફાળકો થઈ ફર ભલે, પણ એય જાણી લે;
તું ફુગ્ગો છે, તો વાતો ફુટવાની લઈને આવ્યો છું.

બને કે નામ જાણીને ખીલી પણ જાય ઈચ્છાઓ,
મુકી જો, કેમ કે હું ફુલદાની લઈને આવ્યો છું.

ગઝલ પુરી થવાની તોય ઠેકાણું નથી તારું,
હવે તો આવ કે વાતો જવાની લઈને આવ્યો છું.

## .4.

યાદ જાણે દેહ જેવી સામે દેખાયા કરે,
તો પછી તો કેમ એ છાનું ન શરમાયા કરે?

કર્મ તો બોલે જ છે, માણસ રહે કે ના રહે;
દેહ ના હો તો બને કે કામ પડછાયા કરે.

જીંદગીની એટલી પણ ટેવ ના પડવી ઘટે,
જીવ જેવું હોય ના ને તોય જીવાયા કરે.

શક્ય છે આકાશમાં કૈં પણ હવે બાકી ન રે',
શુન્યતા ત્યાંની ભીતર આવીને સંતાયા કરે.

કોઈ ગલગોટાની માફક આ ખીલેલી પૃથ્વીને,
શી ખબર કોની નજર લાગી કે કરમાયા કરે!

મ્હેલ તુટીને થયો ખંડેર તો પણ આજ લગ,
આવશે કો' એમ માની, દ્વાર ખોલાયા કરે.

મોત જેવી જીંદગી પામ્યાં પછી પણ એ કહું,
જીંદગી જેવાં મરણની કોણ ના માયા કરે?

## .5.

આ લખું છું તેય છેવટ ક્ષીણ છે,
આંગળી અક્ષર નથી ને મીણ છે.

એટલું નક્કી કે અટકું તો ટકું,
આમ કુવો, આમ ઉંડી ખીણ છે.

તું જો પૃથ્વી બહાર જીવે તો પછી,
શો ફરક ઉત્તર અગર દક્ષીણ છે!

શક્ય છે એમાંય કો' માણસ હશે,
આમ ઢગલો મુસ્લીમો, બ્રાહ્મીણ છે.

કોઈ પણ એમાં નહીં આખું જડે,
આ બધાં તો ખોપરાંનાં છીણ છે.

આમ ટકરાયા ન કર દરીયો બની,
તારું ભાવી આખરે તો ફીણ છે.

બ્હાર ટીપું એક પણ આવ્યું નથી,
ને ભીતર હત્યા ઘણી કરપીણ છે.

## .6.

દર વખત લાગે કે આ છે આખરી,
પણ ગઝલ લખવા મળી આજે ફરી.

બીજ, જડ, ડાળીથી માંડી આભ લગ,
વૃક્ષમાં ચાલી રહી અંતાક્ષરી.

આંગળી છોલીને કાગળ પર મુકી,
તે પછી આખી ગઝલ આ અવતરી.

સાવ અલ્લડ છોકરી જેવી હવા,
શ્વાસની વ્હેંચે બધે કંકોતરી.

સ્હેજ માથું ઉંચકો ત્યાં હો ગગન,
ત્યાં ધરા પર પગ રહે ક્યાંથી ઠરી?

હાથ લંબાવે તો પાસે છે જીવન,
ત્યાં તું કરશે શું અમસ્તો જૈ મરી?

હું તને શોધું ને શોધે તું મને,
એટલે ના આપણે મળતાં જરી.

## .7.

હો ભલે પથરાટ પણ એ હ્રસ્વ છે,
સુર્યને પણ ઢાંકનારું તત્ત્વ છે.

એ ભલે દેખાય ના આંખો વડે,
સુક્ષ્મ જીવોને પુરું અસ્તીત્વ છે.

એ કશું બોલે નહીં, પ્હોંચે બધું,
પ્રેમને કેવું મીઠું વક્તૃત્વ છે!

નામ તારું તેજવર્તુળમાં વસે,
ક્યાંક તારામાં પડ્યું દેવત્વ છે.

તું નથી ને તોય વર્તાતું રહે,
ક્યાંક મારામાં હજી દાસત્વ છે.

કૈં નથી કારણ છતાં રંગાય નભ,
કોઈ કે'શો કોનું આ કરતૃત્વ છે!

આપણે ના હોઈએ ત્યારે હશે,
મોત પ્હેલાં ક્યાં કદી અમરત્વ છે!

## .8.

કેવી સરસ મળી હતી આ જળની જીંદગી!
તે પણ તો પાછી એકલી ઝાકળની જીંદગી!

સાચું છે કે એ વીકસીને ફળ–ફુલ થાય છે,
પણ ખાસ કૈં ન હોય છે કુંપળની જીંદગી!

જોડે છે આમ તો અને બાંધેય છે સતત,
તો પણ ન કોઈ ઈચ્છતું સાંકળની જીંદગી.

નોખા કરે છે આમ તો રાજા ને રાણીને,
કરશે શું કોઈ લૈને અમરફળની જીંદગી?

શાપીત થયા વગર તો અમર, દેવ પણ નથી,
એથી ઘણી જ સારી છે બે પળની જીંદગી.

રમતું રહેને તેથી તો સારું કે એ ફુટે
ફુટે ન તો સડી જશે શ્રીફળની જીંદગી!

મરવાનું પણ ઘણાંને નસીબે ક્યાં હોય છે?
જીવી રહ્યાં  છે કૈંક તો નીષ્ફળની જીંદગી!

## .9.

ગુંથે છે કોઈ જળના હાર તો વરસાદ આવે છે,
ઉપર ચરખાના તુટે તાર તો વરસાદ આવે છે.

ધરાના ચોસલાં ડમરી બની બે હાથ જોડી કે' :
‘હવે તો આવ અનરાધાર’, તો વરસાદ આવે છે.

બધાં બાળક ઉપર બેસી ફુલાવે વાદળો જળથી,
પછી ફુટે કે છુટે ધાર તો વરસાદ આવે છે.

કહે આંખો કે જળ ના હોય તો આ આંસુઓ લૈ લે,
રડી દે આભ જો તે વાર તો વરસાદ આવે છે.

છરીચાકુની જેમ જ કોઈ જળની ધાર કાઢે છે,
વીંઝાતી થાય છે તલવાર તો વરસાદ આવે છે.

વીખુટા થાય છે પ્રેમી તો ભેળા થાય પણ છે એ,
સ્થીતી હો કોઈ પણ; પળવાર તો વરસાદ આવે છે.

ધરાને સાવ લીલું ફુટવાનું થાય તે પળમાં,
ધરે છે કોઈ જો અવતાર તો વરસાદ આવે છે.

## .10.

જવાનું, આવવાનું ને અટકવાનું તો અઘરું છે,
કશું કરવાનું કે કૈં પણ ન કરવાનું તો અઘરું છે.

તમે જળ હો અને વરસો નહીં, તો અર્થ શો એનો?
અમે દરીયો છીએ, અમને વરસવાનું તો અઘરું છે.

નદી તો હું વળોટી જઉં, નજરને કેમ ઓળંગું?
અદીઠાં જળની સામે પાર તરવાનું તો અઘરું છે.

ફકત હો વૃક્ષને પરવા, નથી કૈં એટલું પુરતું;
વળગવું પર્ણને હો ત્યારે ખરવાનું તો અઘરું છે.

દીવાની જ્યોત કે જ્વાળાનું અજવાળું તો હમણાં થઉં,
વગર અજવાળે હૈયે રોજ બળવાનું તો અઘરું છે.

નવું આકાશ તો હમણાં વસાવી દઉં હું ચપટીમાં,
પરંતુ સુર્ય, તારા, ચંદ્ર મળવાનું તો અઘરું છે.

હવા જેવી હવાને પણ નથી અસ્તીત્વ પૃથ્વી બ્હાર,
ગમે તે વ્યાપની પણ બ્હાર વસવાનું તો અઘરું છે.

જીવન પશ્ચાત્ મૃત્યુ હોય તો વાન્ધો જ કોને છે?
જીવ્યા ના હોઈએ ને હોય મરવાનું તો અઘરું છે.

## .11.

આ બધું પુરું હવે ક્યારે થવાનું?
કાલ જીવ્યાં એ જ પાછું જીવવાનું?

શ્વાસ છે ઝેરોક્સ કોપી જેમ સઘળા,
કોઈ તો બદલો હવે આ રુપ હવાનું?

એ જ આંખો, એ જ આંસુ, એ જ પીડા,
એ જ યાદો સાથ માથું ફોડવાનું.

કૈંક તો જુદું હશે મરવાને રસ્તે,
કમ સે કમ તો ના હશે ત્યાં ચાલવાનું.

આ નદી વ્હે છે ખરી, પણ છે તો પાણી,
છે નવું; પણ પાણી, પાણીમાં જવાનું.

જુઈનાં ફુલો નવાં ઉગે છે તો પણ,
જુઈ પર જુઈ વીના શું આવવાનું?

રોજ મરવામાંય લેવાનું શું બીજું?
ક્યાંક ઉલટું થાય તો તે માણવાનું.

## .12.

જ્યોત દીવાની તરત દેખાય પણ,
દેહનું થોડું ખસે જો આવરણ.

તેં અગર દીધી હતે એકાદ ક્ષણ,
એ જ કાયમનું થતે વાતાવરણ.

પથ્થરોના ઘા કરે છે જે સહન,
એ જ તો આગળ જતાં બનતું ઝરણ.

હાથમાંથી હાથ છુટે જે ક્ષણે,
એ ઘડીથી થાય છે કોઈ સ્મરણ.

ભુલનારા હોય છે, ભુલેય છે;
એ કદી કરતા નથી હોતાં રટણ.

આમ તો કે'વાય છે એ પગ ફકત;
પણ કરે જળ, માર્ગ તો એ છે ચરણ.

આમ તો એ રોજ આવે છે છતાં;
આજ છેલ્લીવાર, છો આવે મરણ!

રવીન્દ્ર પારેખ

સર્જક સમ્પર્ક:

રવીન્દ્ર પારેખ,
1-UnionDhara, Modi Bangla, Athva Lines, SURAT-395 007
eMail : ravindra21111946@gmail.com Phone(Res.) 0261-225 5356
Mobile- 93779 39123 Facebook : https://www.facebook.com/ravindra.parekh121

@@@

‘સન્ડે ઈ.મહેફીલ’ના આ અંકના અતીથી સમ્પાદકો, સુરતના યુવા ગઝલકારો ભાઈ
શ્રી ગૌરાંગ ઠાકર – (gaurang_charu@yahoo.com) અને ભાઈ શ્રી સુનીલ શાહ
(sunilshah101@gmail.com)નો ખુબ ખુબ આભાર..

@@@

‘સન્ડે ઈ.મહેફીલ’ - વર્ષ : પંદરમું - અંક : 436 – September 29, 2019
‘ઉંઝાજોડણી’માં : અક્ષરાંકન સુનીલ શાહ - sunilshah101@gmail.com

@@@

ગુજરાતી ભાષાની સર્જાયેલી અને સર્જાતી આવી પ્રશીષ્ટ કૃતીઓ વાંચવાનો શોખ અને અવકાશ હોય તો,
તમારું નામ, સરનામું, કૉન્ટેક્ટ નંબર, આઈડી.. વગેરે માહીતી મોકલી મને લખજો..
તમને પણ અમારી આ ‘સન્ડે ઈ.મહેફીલ’ દર પંદર દીવસે,
એક મેલ સાથે અલગ પીડીએફરુપે મળતી રહેશે..

–ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com અને
–મૈત્રી શાહ - maitri@gujaratilexicon.com

@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,66,68,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 1,40,98,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 10,98,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 13,20,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@